**<u>નકલ જયભારત સાથ રવાનાઃ—</u>**

૧. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૨. જીલ્લા મેજી.શ્રી, રાજકોટ.
૩. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૪. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ
   ૨/— સ્થાનિક વર્તમાન પત્રમાં સમાચાર તરીકે પ્રસિધ્ધ કરવા.
૫. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૬. એકઝી મેજી.શ્રી, રાજકોટ
૭. મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
   ૨/— આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.
૮. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૯. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફિક રાજકોટ, બહોળી પ્રસિધ્ધી માટે
૧૦. પોલીસ ઈન્સ.શ્રી એ. ડીવી. બી.ડીવી., ભકિતનગર, માલવીયા નગર, ગાંધીગ્રામ, રાજકોટ તાલુકા, પો.સ્ટે. રાજકોટ શહેર..
૧૧. કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર,
   ૨/— તમામ વર્તમાન પત્રમાં બહોળી પ્રસિધ્ધી અર્થે.

પોલીસ ઈન્સ. કચેરી.
ટ્રાફીક શાખા—રાજકોટ શહેર
ઇન્વર્ડ નં.... 633
તારીખ... [illegible]

ક્રમાંક :– રાજ/ સીપી/ એલબી–૨/ નો–પાર્કીંગ/ જા.નામુ/ ૦૫

પોલીસ કમિશનરશ્રીની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ
તારીખ ૨૮/ ૪/૨૦૦૫

જાહેરનામુ

રાજકોટ શહેરમાં નીચે દર્શાવેલ વિગતેનાં સ્થળોએથી ભાડાથી ચાલતી ખાનગી બસ, મીનીબસ, ખાનગી મેટાડોર, છકડોરીક્ષા, વિગેરે ખાનગી વાહનોવાળા મુસાફરોની ગેર કાયદેસર હેરાફેરી કરતાં હોવાનુ માલુમ પડેલ છે જેના કારણે ST નિગમને મોટુ આર્થિક નુકસાન થાય છે, જેનું નિયમન કરવું આવશ્યક જણાય છે. તથા આ વાહનો અવ્યવસ્થિત પાર્કીંગ કરવાના કારણે ટ્રાફિક સમસ્યાઓ ઓ ઉભી થાય છે. આ સમસ્યાઓ નિવારવાં માટે આ વિસ્તારમાં ઉપર જણાવેલ વાહનોની માટે પ્રવેશબંધી–નોપાર્કીંગ જોન કરવા માટે અત્રેના ક્રમાંક રાજ/ સીપી/ એલબી–૨/ નો.પા.જોન/ –૦૫ તા. ૧૪–૨–૦૫ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાનાં વાંધા સુચનો મંગવામાં આવેલ હતા આ અંગે સમય–મર્યાદામાં વાંધા સુચનો લક્ષમાં લઈને નીચે પ્રમાણે આખરી હુકમ કરવામાં આવે છે.

હુ કે. નિત્યાનંદમ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર અમોને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (બી) થી મળેલ સતાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં ભાડાથી ચાલતી ખાનગીબસ, મીનીબસ, મેટાડોર, છકડોરીક્ષા વિગેરે વાહનો માટે નો પાર્કિંગ જોન જાહેર કરુ છું.

(૧) રાજકોટ સીવિલ હોસ્પીટલ ચોક, મોચી બજાર, જગજીવનરામ રેલ્વે ઈન્સ્ટીટયુટેના દરવાજા પાસે,
(૨) રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી, રાજકોટ શહેરનાં રીંગ રોડ પર
(૩) સોરઠીયાવાડી ચોક,
(૪) ગોંડલ રોડ પરનાં રલ્વે ક્રોસીંગ પાસે પી.ડી.એમ. કોલેજની સામે,
(૫) ભાવનગર રોડ આઈ.ટી.આઈ. પાસે આજી ડેમ ચોકડી
(૬) કાલાવાડ રોડ પર કોટેચા ચોક તથા કાલાવાડ રોડ થી કે. કે.વી હોલ ચોકડી પર

અપવાદ

નીચે મુજબના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ સરકારી વાહનો, તેમજ પબ્લીકની સુખાકારી માટે સરકારી એજન્સી મારફતે ચલાવવામાં આવતા વાહનો.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧–ની કલમ ૧૩૧, મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૧–૫–૨૦૦૫ થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૮–૪–૨૦૦૫ નાં મારી સહિ તથા સિકકા કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

COMMISSIONER OF POLICE L.B. RAJKOT CITY

(કે.નિત્યાનંદમ)
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.